# // વિદ્યાધનમ્ //

અંક : ૩૪
જાન્યુઆરી
૨૦૨૬



ઉત્તરાયણ પર્વની માહિતી
પેજ નં. : ૧૫



INVITED BY

દિનેશભાઇ ડી. ચૌહાણ
શ્રી રૂણી પ્રાથમિક શાળા, ધાનેરા

PUBLISHED BY:

ddchauhan06 Tr Dinesh Chauhan 97128 24892

# // વિદ્યાધનમ્ //

# અમારી પ્રેરણા

અંક : ૩૪

જાન્યુઆરી - ૨૦૨૬

## પ્રેરક

શ્રી જગમાલભાઈ જે. ચૌધરી
ટી. પી. ઈ. ઓ.
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## માર્ગદર્શક

શ્રી વિરાભાઈ કે. ચૌધરી
બી.આર.સી.કો.ઓર્ડીનેટર,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## તંત્રી / પ્રકાશક

દિનેશભાઈ ડી. ચૌહાણ
તાલુકા શ્રેષ્ઠ શિક્ષક
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## સમીક્ષક

શ્રી ઈશ્વરભાઈ જે. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી મુકેશભાઈ વી. ચૌધરી
સી.આર.સી. વાલેર

શ્રી જેસુંગભાઈ ડી. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી ગીરીશભાઈ એ. લેઉવા
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શંકરભાઈ પી.લુહાર
ઉ શિ., શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી સવાભાઈ જી. પટેલ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી વિરેન્દ્રભાઈ બી. પ્રજાપતિ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

વિદ્યાધનમ્ સર્વધનપ્રધાનમ્

# // વિદ્યાધનમ્ //

અંક : ૩૪
જાન્યુઆરી - ૨૦૨૬

## નમસ્કાર

નૂતન વર્ષના પ્રથમ કિરણ સાથે જ્ઞાનની ગંગા કાળચક્રના હિંડોળે ઝૂલતું વર્ષ ૨૦૨૫ વિદાય લઈ ચૂક્યું છે અને આશા-ઉમંગના નવા રંગો સાથે નૂતન વર્ષ ૨૦૨૬ આપણી સમક્ષ આવી પહોંચ્યું છે. "આવ્યું આવ્યું નવું વર્ષ" ના ઉલ્લાસ સાથે આ જાન્યુઆરી માસનો 'વિદ્યાધનમ્' અંક આપણે જ્ઞાન અને સંસ્કારના સંગમ સાથે પ્રસ્તુત કરી રહ્યા છીએ.

આ અંકમાં આપણે બાળ શિક્ષણના પ્રણેતા મારિયા મોન્ટેસરીના પ્રેરક બાળપણ અને તેમના જીવનપાઠ વિશે વાત કરી છે, જે આજે પણ આપણને બાળકના માનસને સમજવાની નવી દ્રષ્ટિ આપે છે. તેની સાથે જ, ભારતની પ્રાચીન વિદ્યાપીઠો ના ભવ્ય વારસાને વાગોળીને આપણી શિક્ષણ પરંપરાના મૂળ સુધી પહોંચવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તક નથી, પણ 'ભણતર સાથે રમત'નો સુમેળ છે. આ અંકમાં શિક્ષણને રસપ્રદ બનાવવા માટે વ્યાકરણ TLM અને મૂલ્યલક્ષી શિક્ષણ (ઈનોવેશન) પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષક જ્યારે ક્રિયાત્મક સંશોધન અને નિષ્ઠા સાથે કાર્ય કરે છે, ત્યારે જ શાળાનું પરિવર્તન શક્ય બને છે. ગણિતના જાદુઈ અંક 'શૂન્ય (0)' વિશેની જાણવા જેવી માહિતી જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરશે.

જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવતા લેખો આપણી આંતરિક શક્તિને ઉજાગર કરશે. 'રૂપાળો દરિયો' અને 'મારું મિત્ર મંડળ' જેવી કૃતિઓ બાળકોની લાગણીઓને વાચા આપે છે. જ્યારે 'કલમ' ની શક્તિ સમાજમાં વૈચારિક પરિવર્તન લાવવા સક્ષમ છે. કડકડતી ઠંડીમાં હૂંફ આપતા 'ટાઢ ભગાવવાના ધારા' અને પતંગ પર્વ એટલે કે 'ઉત્તરાયણ - ઉમંગ હૃદયના ઉદારતાનો પર્વ' વિશેના લેખો આ માસના વાતાવરણને જીવંત રાખશે.

અંતમાં, સમજદારી અને સંસ્કારની વાત સાથે આપણે સંકલ્પ કરીએ કે આ નવું વર્ષ આપણા સૌના જીવનમાં વિદ્યાનું તેજ ફેલાવે. 'વિદ્યાધનમ્' ના આ અંક દ્વારા આપની સમક્ષ શિક્ષણ અને સાહિત્યની જે વાનગીઓ પીરસી છે, તે આપને ગમશે તેવી શ્રદ્ધા છે.

આપ સૌને ફરી એકવાર નૂતન વર્ષ ૨૦૨૬ ની હાર્દિક શુભેચ્છાઓ..!!

**તંત્રી / પ્રકાશક**

દિનેશભાઈ ડી. ચૌહાણ

તાલુકા શ્રેષ્ઠ શિક્ષક

શ્રી રૂણી પ્રાથમિક શાળા

તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા



# // વિદ્યાધનમ્ //

## અનુક્રમણિકા

અંક : ૩૪ જાન્યુઆરી - ૨૦૨૬


| | | | |
|---|---|---|---|
| 1 | વ્યક્તિ વિશેષ | કૃપા રસિકલાલ નાકર | 05 |
| 2 | મારિયા મોન્ટેસરીનું બાળપણ અને જીવનપાઠ | જિયા પંડ્યા | 07 |
| 3 | જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ | યોગેશ આર. જોશી | 08 |
| 4 | મૂલ્યલક્ષી શિક્ષણ ( ઈનોવેશન ) | પટોળીયા જ્યોત્સનાબેન એન. | 09 |
| 5 | નૂતન વર્ષ 2026 | વાળા શ્રેયાંશીબા દિપસિંહ | 10 |
| 6 | આવ્યું આવું નવું વર્ષ | ઢાપા દિવ્યા રાણાભાઈ | 10 |
| 7 | શૂન્ય ( 0 ) વિશે જાણવાજેવું | ગૌરાંગ કે. દેસાઈ | 11 |
| 8 | કલમ | હેમલતા દિવેચા "હેમ" | 12 |
| 9 | ટાઢ ભગાવવાનો ધારો | પ્રવીણ પટેલ " સ્વયં " | 12 |
| 10 | ભારતની પ્રાચીન વિદ્યાપીઠો | કાજલ ડી. દેવાણી | 13 |
| 11 | રૂપાળો દરિયો | આર્ના ધૈવત હાથી | 14 |
| 12 | મારું મિત્ર મંડળ | પ્રાર્થના જી.પટેલ | 14 |
| 13 | ઉમંગ હૃદયના ઉદારતાનો પર્વ | સંકલિત | 15 |
| 14 | ભણતર સાથે રમત | પૂરી લાખાભાઈ મકવાણા | 16 |
| 15 | ઉત્તરાયણ | ખૂટી પંછી | 16 |
| 16 | ક્રિયાત્મક સંશોધન | મહેન્દ્રકુમાર આર. ચૌધરી | 17 |
| 17 | વ્યાકરણ TLM | કલ્પેશભાઈ મોદી | 19 |
| 18 | નિષ્ઠા, સમજદારી અને સંસ્કારની વાત | અંજલિ ડી. ચૌધરી | 20 |




કૃપા રસિકલાલ નાકર પ્રિન્સિપાલ શ્રી નવનીત નગર પંચાયતે પ્રાથમિક શાળા, તા. : ભુજ, જિલ્લો : કચ્છ

## વ્યક્તિત્ત્વ પરિચય: શિક્ષણ, સાહિત્ય અને સેવાનો ત્રિવેણી સંગમ

**" જેના હૃદયમાં બાળકો માટે હેત છે અને જેની કલમમાં સંસ્કારોનું રેત છે, તે જ સાચો શિક્ષક છે."**

કચ્છની પવિત્ર ધરા પર શિક્ષણ અને સેવાના બીજ રોપી તેને વટવૃક્ષ બનાવનાર આદરણીય વ્યક્તિત્વનો પરિચય મેળવવો એ એક લ્હાવો છે. માતા-પિતાના આશીર્વાદ અને શિક્ષણના વારસા સાથે જન્મેલા આ સંતાને પોતાની ૨૭ વર્ષની નિષ્ઠાપૂર્વકની શિક્ષણ યાત્રા દ્વારા સમાજમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને પ્રારંભિક સંઘર્ષ : માતા ક્લાસ-ટુ ઓફિસર અને પિતા આદરણીય પ્રિન્સિપાલ હોવાને કારણે બાળપણથી જ શૈક્ષણિક અને શિસ્તબદ્ધ વાતાવરણમાં તેમનો ઉછેર થયો. ૫ નવેમ્બર, ૧૯૯૮ ના રોજ સરકારી સેવાનો પ્રારંભ કરીને તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. પીટીસી, એમ.એ., અને જર્નાલિઝમ જેવા અભ્યાસો દ્વારા તેમણે પોતાની બૌદ્ધિક ક્ષમતાને ધાર કાઢી. આકાશવાણીમાં સેવા આપીને તેમણે પોતાની વાણીને પણ લોકભોગ્ય બનાવી.

રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની ઉપલબ્ધિઓ (૨૧ એવોર્ડ્સનો તેજ) : શિક્ષણ ક્ષેત્રે તેમણે કરેલા નવતર પ્રયોગો (Innovations) ને કારણે તેમને કુલ ૨૧ એવોર્ડ્સ મળ્યા છે, જે કોઈપણ શિક્ષક માટે ગૌરવની બાબત છે.

ધાર્મિક અને શૈક્ષણિક સન્માન : પૂજ્ય મોરારીબાપુના હસ્તે 'ચિત્રકૂટ એવોર્ડ' અને પૂજ્ય રમેશભાઈ ઓઝાના હસ્તે 'સાંદિપની એવોર્ડ'.

* રાજ્ય કક્ષાનું ગૌરવ : ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 'ગિજુભાઈ બધેકા એવોર્ડ' અને આનંદીબેન પટેલના હસ્તે શ્રેષ્ઠ સી.આર.સી. તરીકેનું સન્માન.

* કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ : રાષ્ટ્રીય સ્તરે કચ્છનું નામ રોશન કરવા બદલ આ સન્માન પ્રાપ્ત થયું.

**કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યા એ વધારે મહત્ત્વનું છે.**

સાહિત્ય સર્જન અને પત્રકારત્વ આપ માત્ર શિક્ષક જ નહીં, પણ એક સશક્ત સાહિત્યકાર પણ છો.

* પુસ્તક પ્રકાશન: ગુજરાતી અને કચ્છી ભાષામાં કુલ ૭ પુસ્તકો પ્રકાશિત કર્યા છે, જેમાંથી ૨ પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું છે.

* કોલમિસ્ટ : વિવિધ અખબારોમાં ૧૫૦ થી વધુ લેખો અને હાલમાં કચ્છના બે પ્રતિષ્ઠિત મેગેઝીનોમાં નિયમિત કોલમિસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે.

* શબ્દ ગંગા : વાંચન કૌશલ્યમાં પાછળ રહેતા બાળકો માટે 'શબ્દ ગંગા' પુસ્તક તૈયાર કરી સમગ્ર ગુજરાતની શાળાઓમાં મોકલીને વિદ્યાદાનનું અનોખું કાર્ય કર્યું છે.

સામાજિક ઉત્તરદાયિત્વ : કન્યા શિક્ષણ અને આરોગ્ય સેવાની સુવાસ સાત સમંદર પાર પણ પહોંચી છે. છેલ્લા ૭ વર્ષથી વિદેશી સહાય મેળવીને કચ્છની ૫૦૦ થી વધુ દીકરીઓને પર્સનલ હાઈજીન અને સેનેટરી પેડ્સનું વિતરણ કરી, ડોક્ટરો સાથે પરામર્શ કરાવી સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવી રહ્યા છે. વધુમાં, ૭૦૦ થી વધુ શાળાઓમાં ૫૦૦૦ થી વધુ બાળકોને સ્ટેશનરી, ગરમ કપડાં અને પૌષ્ટિક આહાર (ખજૂર, ચીકી) નું વિતરણ કરીને દાતાઓના સહયોગથી શિક્ષણને સુલભ બનાવ્યું છે.

પપેટ શો અને નવીનતમ શિક્ષણ પદ્ધતિ : બાળકોને રમતા-રમતા શિક્ષણ આપવા માટે પપેટ શો (કઠપૂતળી ખેલ) ને માધ્યમ બનાવ્યું છે. છેલ્લા ૫ વર્ષથી બી.એડ. અને એમ.એડ. ના વિદ્યાર્થીઓને આ કળાની તાલીમ આપી રહ્યા છે. તેમની YouTube ચેનલ 'કૃપાના કર' દ્વારા પપેટના માધ્યમથી બાળ વાર્તાઓનું પ્રસારણ કરીને ડિજિટલ શિક્ષણમાં પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

વહીવટી કુશળતા : D થી B ગ્રેડ સુધીની સફર સી.આર.સી. કો-ઓર્ડિનેટર અને આચાર્ય તરીકે સેવા આપતા તેમણે વહીવટી કુશળતાનો પરિચય આપ્યો છે. જે શાળા 'D' ગ્રેડમાં હતી, તેને ૨૦૨૫ સુધીમાં સૌના સહકારથી 'B' ગ્રેડ સુધી લાવીને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. શાળાના બાળકોની કૃતિઓ છાપામાં છપાય તે માટે તેઓ સતત કાર્યરત રહી બાળકોનો આત્મવિશ્વાસ વધારે છે.

આમ, ૨૭ વર્ષની આ દીર્ઘ યાત્રામાં જ્યારે તેમને પોતાના ભણેલા વિદ્યાર્થીઓ આજે ડોક્ટર, શિક્ષક કે મોટી કંપનીઓના અધિકારી તરીકે મળે છે, ત્યારે તે સ્મિત જ તેમનો અસલી એવોર્ડ બની રહે છે. લાયન્સ ક્લબ, જાયન્ટ્સ ક્લબ અને વિવિધ મહિલા મંડળોમાં સક્રિય રહીને તેમણે સમાજનું ઋણ અદા કરવાનો નિરંતર પ્રયાસ કર્યો છે

# ઈશ્વરના સંતાનો મારિયા મોન્ટેસોરીનું બાળપણ અને એમાંથી મળેલા જીવનપાઠ

મારિયા મોન્ટેસોરી—શિક્ષણ જગતમાં એ નામ એક ક્રાંતિ જેવી ગણાય છે. આજના સમયમાં "મોન્ટેસોરી પદ્ધતિ" દુનિયાભરની શાળાઓમાં બાળકોને સ્વતંત્ર, સર્જનાત્મક અને આત્મવિશ્વાસી બનાવવા માટે જાણીતી છે. પણ આ મહાન પદ્ધતિની શરૂઆત ક્યાંથી થઈ? એના પાછળ મારિયાનું પોતાનું બાળપણ જ તો હતું. ચાલો, તેમના જીવનની શરૂઆત તરફ સફર કરીએ અને જાણીએ કે બાળપણમાંથી તેમણે શું શીખ્યું અને સંસારમાં શું બદલાવ લાવ્યો.

**જન્મ અને બાલ્યાવસ્થા**

મારિયા મોન્ટેસોરીનો જન્મ 31 ઓગસ્ટ, 1870 ના રોજ ઇટાલીના ચિયારા વાલે નામના નાનકડા શહેરમાં થયો. તેમના પિતા અલેસાન્દ્રો મોન્ટેસોરી ખૂબ જ શિસ્તપ્રિય સ્વભાવના હતા, જ્યારે તેમના માતા રેનિલ્ડા ખૂબ જ અભ્યાસપ્રેમી, ભાવુક અને બાળકેન્દ્રિત વ્યક્તિત્વ ધરાવતા હતા. નાનપણથી જ માતાએ તેમની અંદર એક વિશેષ ગુણ વિકસાવ્યો: સ્વતંત્ર વિચાર કરવાની આદત. ઘરમાં કંઈક સમજાતું ન હોય ત્યારે પૂછવું, અવલોકન કરવું, નવી વસ્તુઓ અજમાવવી ,આ બધું મારિયા માટે સામાન્ય બાબત બની ગયું.

**શૈશવાવસ્થા**

મારિયા સામાન્ય બાળકો કરતા થોડી અલગ હતી. રમકડાંથી રમવા કરતા, તેને કરતાં કંઈક સમજવું, કોઈ વસ્તુ કેમ તે રીતે કામ કરે છે એ જાણવા વધુ ગમતું. ઘરના સાધનો, કુદરતી વસ્તુઓ, લોકોનું વર્તન બધું જ તેના માટે શીખવાનો સ્ત્રોત હતું. બાળપણમાં જ તેમણે જાણી લીધું હતું કે દરેક બાળકની પોતાની ઝડપ, પોતાની રસ અને પોતાનો સ્વભાવ હોય છે. એથી જ કદાચ તેઓ મોટા થયા બાદ એ વાતને શિક્ષણનો મુખ્ય આધાર બનાવશે.

**માતાનો પ્રભાવ :**

મારિયાના જીવનમાં માતાનો પ્રભાવ વિશેષ હતો. રેનિલ્ડા મોન્ટેસોરીની એક બાબત ખૂબ પ્રસિદ્ધ છે, તેમણે દરેક બાળકને, રહેવાસીને કે કામદારોને પણ સન્માન અને સ્વતંત્રતા સાથે વ્યવહાર કરતા. આ વાત નાનકડી મારિયાના મનમાં ઊંડે ઉતરી ગઈ. મારિયાએ બાળપણમાંથી શીખ્યું: બાળકને સન્માન આપો. તેની વાણી, ઉંમર અને પસંદગીનો માન રાખો. બાળકને પોતે કરવાનો મોકો આપો. આ સંદેશાઓ બાદમાં મોન્ટેસોરી પદ્ધતિના આધારે પથ્થર બન્યા.

**શાળા જીવન :**

મારિયા મોન્ટેસોરી શાળા જવા લાગી ત્યારે જલ્દીથી સમજાઈ ગયું કે તેઓ 'પુસ્તક પ્રમાણે ચાલનાર' વિદ્યાર્થી નહીં. શિક્ષકોએ આપેલા જવાબોને સીધો સ્વીકારવા કરતાં, એ પાછળનું કારણ સમજવું ગમતું. જે વખતે મોટા ભાગના બાળકો રટણ કરે, એ સમયે મારિયા વિચારતી

"આવું કેમ? બીજો રસ્તો શું હોઈ શકે? હું પોતે કરી જોઉં તો શું થાય?" આ સ્વભાવને કારણે તેઓ ઘણીવાર શિક્ષકો માટે પડકાર બની જતા, પણ જ્ઞાન માટે તરસ કદી ઓછી ન થઈ. બાળક તરીકે તેમના અંદરના આ 'ઉત્સુક સંશોધક' એ જ તેમને ભવિષ્યમાં વૈજ્ઞાનિક શિક્ષણશાસ્ત્રી બનાવશે.

**બાળપણમાંથી મળેલા મુખ્ય પાઠ**

મોન્ટેસોરીના બાળપણની બાબતોને કારણે તેમની સમગ્ર જીવનદ્રષ્ટિ બદલાઈ:

**1. સ્વતંત્ર અનુભવનું મહત્વ**

નાનપણથી જ મારિયાને ઘરમાં નાના-નાના કામ પોતે કરવા પ્રોત્સાહન મળતું —જેમ કે પોતાના કપડાં ગોઠવવા, ટેબલ સેટ કરવું, બગીચામાં મદદ કરવી. આથી તેમને સમજાયું કે કામ પોતે કર્યા બાદ જ તેની સાચી સમજ મળે છે.

**2. અવલોકન કરવાની ક્ષમતા**

કોઈ બાળક કે વસ્તુને જુદાં-જુદાં રીતે જોવાનું—આ આદત બાળપણથી જ વિકસી. આ અવલોકનની શક્તિ જ પછી તેમના શિક્ષણપ્રયોગોનો આધાર બની.

**3. દરેક બાળકમાં અલગ શક્તિ હોય છે**

માતા-પિતાના જુદા સ્વભાવને જોતા, ઘરનાં બાળકોના અલગ વર્તનને નિહાળતા, મારિયાએ શીખ્યું કે દરેક વ્યક્તિની પોતાની જગ્યા અને મુલ્ય હોય છે.

**4. સન્માનપૂર્ણ શિક્ષણ**

માતાની રીતથી તેમણે સમજ્યું કે બાળકને અવાજ આપો, એને સાંભળો. આ વિચાર તેમના બધા કાર્યની આત્મા બની.

**યુવાવસ્થા**

મારિયા મોટી થતી ગઈ, ત્યારે પરંપરાગત સમાજની અપેક્ષાઓ સ્પષ્ટ હતી—એક છોકરી માટે ડોકટરી અને વિજ્ઞાન ક્ષેત્ર ખૂબ કઠિન માનવામાં આવતું.પરંતુ મારિયાએ બાળપણના એ જ ચાર પાઠને જીવનમાં લાગુ કર્યા. તેણે બધાના વિરોધ છતાં ડોકટરી પસંદ કરી. માનસિક વિકલાંગ બાળકો સાથે કામ કરતાં તેઓ જાણેતી કે તેમને કઈ રીતો મદદ કરે છે. તેમણે બાળકોને 'શિક્ષણના પાત્ર' નહીં પરંતુ 'શીખતા માણસ' તરીકે માન આપ્યું. દરેક બાળકની જરૂરિયાત પ્રમાણે વાતાવરણ તૈયાર કર્યું.

**મોન્ટેસોરી પદ્ધતિની જડોમાં બાળપણ**

મારિયાના બાળપણનો દરેક અનુભવ તેમના ભવિષ્યના કાર્યમાં છલકાતો દેખાય છે.

• સ્વતંત્રતા- આ તેમનું સૌથી પ્રસિદ્ધ સિદ્ધાંત છે. અને એનું મૂળ તેમના પોતાના બાળપણની સ્વતંત્રતા છે.

• કુદરતી જિજ્ઞાસા - તેમની માન્યતા હતી કે બાળક પાસે પહેલેથી જ શીખવાની શક્તિ હોય છે. એને માત્ર યોગ્ય નિર્દેશન અને વાતાવરણ જોઈએ.

• અવલોકન - મારિયા માને છે કે શિક્ષકનું કામ સમજાવવું નહીં, પણ બાળકને જોવું, સમજવું અને માર્ગદર્શિત કરવું.

**આજના સમયમાં મળતો સંદેશ**

મોન્ટેસોરીનું બાળપણ આપણને પણ ઘણું શીખવે છે: બાળકોને વધારે 'control' કરતા કરતાં વધારે સ્વતંત્રતા આપો. તેમને પોતાની ભૂલોમાંથી શીખવા દો. દરેક બાળકની પોતાની સમયમર્યાદા હોય છે. તુલના ન કરો. બાળક સાથે સન્માનપૂર્વક વાત કરો. તેના વિચારોની કિંમત રાખો. "Don't rush learning." – શીખવું એક કુદરતી પ્રક્રિયા છે. મારિયા મોન્ટેસોરીનું બાળપણ માત્ર એક વ્યક્તિનું બાળપણ નહોતું. તે એક શિક્ષણ ક્રાંતિનું બીજ હતું. નાનપણથી મળેલા સ્વતંત્રતા, સન્માન, અવલોકન અને જિજ્ઞાનાના પાઠોએ તેમને એવી અનોખી શિક્ષણ પદ્ધતિ આપવાની પ્રેરણા આપી જેને આજે વિશ્વભરના લાખો બાળકો અનુસરે છે. તેમનું જીવન બતાવે છે કે બાળપણ માત્ર જીવનનો પ્રારંભ નથી, પણ આખા જીવનની દૃષ્ટિ બનાવવાનો સમય છે. મારિયાનું બાળપણ અને તેમના વિચારો આપણને આજે પણ એક જ સંદેશ આપે છે.

"બાળકને માન આપી દો, દુનિયા પોતે જ બદલાશે."

જિયા પંડ્યા
શિક્ષક
વ્રજભૂમિ ઈન્ટરનેશનલ સ્કુલ,
મોગર



# જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ

સામાન્ય શિરસ્તો એવો છે કે, આપણે કોઈ વ્યક્તિની પાસે કોઈ ચીજ કે વસ્તુ માંગવી હોય તો, આપણે તે વ્યક્તિની પાસે મૌખિક કે કે લેખિત દરખાસ્ત કરવી જ પડે છે. દા.ત.આપણે કોઈ સ્થળે નોકરી મેળવવી હોય તો સૌ પ્રથમ અરજી કરવી પડે છે, પછી આપણી લાયકાત અને અનુભવના આધારે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે અને ત્યાર પછી આપણી પસંદગી થયા બાદ જ તે નોકરીનો ઑર્ડર આપણાંને આપવામાં આવે છે. બીજું સરકારી ખાતામાંથી આપણે કોઈ નકલ કઢાવવી હોય તો જરૂરી ફી ભરી, નિયત કરેલા ફોર્મમાં વિગતો ભરી, સરકારી ખાતાને આપવામાં આવે છે અને ત્યાર પછી સરકારી અધિકારી, આપણને જોઈતાં કાગળોની નકલ કે માંગ્યા મુજબના દસ્તાવેજોની નકલ કાઢી આપે છે.આવી જ રીતે આપણે ભગવાન પાસે સુખ, સાહ્યબી, શાંતિ, વૈભવ, પૈસા ટકા કે અન્ય વસ્તુ માંગવાની અપેક્ષા રાખીયે છીએ, ત્યારે આપણાં મનની ઇચ્છાઓની દરખાસ્ત ભગવાન પાસે પહોંચાડવાનું માધ્યમ ફક્ત ને ફક્ત પ્રાર્થના જ છે. પ્રાર્થનાના માધ્યમ થકી  આપણે ઈશ્વરની નજીક જઈ શકીએ છીએ. આપણી પ્રાર્થનામાં એક પ્રકારનો આર્તનાદ અને સચ્ચાઈ હશે તો, આપણી પ્રાર્થના જરૂરથી પ્રભુ પાસે પહોંચી શકે છે.

પ્રાર્થના એટલે શું? પ્રાર્થના શા માટે કરવી જોઈએ ?

પ્રાર્થનાના બીજા પર્યાય શબ્દો અભ્યર્થના, બંદગી તથા વંદના છે. પ્રાર્થના એટલે એક પ્રકારની અરજ, ગુજારિશ અને દીનભાવ એવો અર્થ કરી શકાય. પ્રાર્થના એટલે અંત:કરણપૂર્વક ભગવાનની કરવામાં આવતી ભક્તિ. પ્રાર્થના એ અંતરનો આર્તનાદ છે. આપણી પ્રાર્થનામાં એક શક્તિ, વજુદ અને સચ્ચાઈ હોવાં જરૂરી છે, અને એમાં દિલનો ઉમળકો હોવો ખાસ જરૂરી છે. પ્રાર્થના એટલે પ્રભુનાં ગુણગાન,વખાણ, સ્તુતિ કે પ્રશંસા એથી વિશેષ કંઇ નહીં. જેમ આપણે આપણું શરીર ટકાવી રાખવા માટે જળ તથા આહારની જરૂર પડે છે, તેવીજ રીતે જીવનમાં આપણે જાણે અજાણે કરેલાં પાપોને ધોવા માટે ભક્તિરૂપી ભાથું બાંધવું પડે છે. આ ભક્તિરૂપી ભાથું બાંધવા માટે આપણે જપ, તપ,વ્રત, ઉપવાસ, એકટાણાં કે પ્રાર્થના વિગેરે કરીએ છીએ. આપણે જેમ ભવિષ્યનો વિચાર કરીને બેંકમાં નાણાં જમા કરાવીએ છીએ અને આપણને કોઈ સંકટ કે મુસીબત આવે ત્યારે, તે નાણાં મદદરૂપ થાય છે, એવીજ રીતે આપણે ભક્તિરૂપી ભાથું બાંધેલું હશે તો આપણાંથી ભુલમાં પણ કોઈ પાપ, અનર્થ કે ખોટું કાર્ય થઈ ગયું હોય તો તેની સામે રક્ષણ મળે છે. પ્રાર્થના એ એક સંદેશો છે, જેનાં થકી ભગવાનને ખબર પડે છે કે કોને શું જોઈએ છે. પ્રાર્થનાના માધ્યમ વગર પ્રભુ પાસે પહોંચવું શક્ય જ નથી.

એવું નથી કે પ્રભુ પાસે કાંઈ માંગવા માટે જ આપણે પ્રાર્થના કરવી જોઈએ, પરંતુ આપણાં મન તથા મગજની શાંતિ માટે પણ પ્રાર્થના કરવી જરૂરી છે. પ્રાર્થના આપણાં દૈનિક જીવનમાં શાંતિ બક્ષે છે તથા મન અને મગજને એકચિત્ત કરે છે. હકીકતમાં પ્રાર્થના આપણાં દૈનિક જીવન સાથે વણાઈ ગઈ છે અને પ્રાર્થના વગર દિવસની શરૂઆત કરવી નકામી છે. દરેક શાળા, મહાશાળા કે અમુક સરકારી કચેરીઓમાં કામગીરી શરૂ કરતાં પહેલાં પ્રાર્થના બોલવાનો રિવાજ છે અને એનું કારણ એ છે કે પ્રાર્થનાથી આપણું મન શુદ્ધ થાય છે અને આખો દિવસ શાંતિમય રીતે પસાર થાય છે. વિદ્યાર્થીઓનાં પાઠ્યપુસ્તકોમાં પણ જુદી જુદી પ્રાર્થનાઓ છાપવામાં આવે છે અને આના ઉપરથી જ આપણને પ્રાર્થનાની મહત્તાનો ખ્યાલ આવે છે. ખરેખર પ્રાર્થના એ આપણાં સંસ્કાર અને સંસ્કૃતિનું પ્રતીક છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ:૩૮૯૩૫૦, જિ. પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક



**ઉચ્ચારણ કે વર્ણનું સામ્ય ધરાવતા ભિન્નભિન્ન અર્થભેદવાળા શબ્દો**

અકસ્માત : એકાએક, ઓચિંતું
અકસ્માત : અણધાર્યો બનાવ

અપેક્ષા : ઈચ્છા, આશા
ઉપેક્ષા : તિરસ્કાર, અવગણના

અફર : નિશ્ચિત
અફળ : નિષ્ફળ

અનુસાર : પ્રમાણે
અનુસ્વાર : એક લિપિચિહ્ન

અભિનય : વેશ ભજવવો તે
અભિનવ : તદ્દન નવું

# મૂલ્યલક્ષી શિક્ષણ








**ઈનોવેશનનુંશીર્ષક : મૂલ્યલક્ષી શિક્ષણ**
**સ્ટેજ: ધોરણ 1 અને 2**
**વિભાગ: મૂલ્ય,સમાવેશી શિક્ષણ,સભ્યતા અને સંસ્કૃતિ**
**શિક્ષકનુંનામ : પટોળીયા જ્યોત્સનાબેન નાથાભાઈ**
**શાળાનુંનામ : પીએમ શ્રી ઉનાકુમાર શાળા નં-1**
**તાલુકો : ઊના જિલ્લો: ગીરસોમનાથ**
**ઈમેલઆઈડી : jnpatoliya7@gmail.com**

**સમસ્યા : સતત ગેરહાજર બાળકો,ડ્રોપ આઉટ બાળકોને રેગ્યુલર કરવા.અસ્તવ્યસ્ત બાળકોને સ્વચ્છ કરી મૂલ્ય શિક્ષણ આરોપવું.**

**હેતુ: બાળકો સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવી પોતાના શરીર અને આરોગ્યનું ધ્યાન રાખે. શિક્ષણના અભાવે બાળકોની સ્થિતી સુદ્રઢ બને વ્યસનથી દુર રહે અને મુખ્ય ધારામાં જોડાયેલ રહે.**

**સાધનસામગ્રી : મૂલ્ય શિક્ષણની વાર્તા પુસ્તિકાઓ, અવનવી સ્વચ્છતાની રમતો, બાળકોને શરીર અને ઘર સ્વચ્છ રાખવાની સ્પર્ધા, આજનો ગુલાબ, સ્વચ્છ ઘર, સ્વચ્છ ફળિયું, સ્વચ્છ વર્ગખંડ પ્રવૃતિ**

**નવતરપ્રવૃત્તિનીકાર્યપદ્ધતિ: પહેલા બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ,સ્વસ્થતા અને શિસ્ત લાવવા માઁ ની જેમ તેલ નાખવું, વાળ ઓળાવી દેવા,નખ કાપવા, બટન ટાંકવા, અવનવી રમતો રમાડી અને બાળકો જોડે જાતે રમવી,હોંશે હોંશે આવકારવા, લઈ આવવા, મૂકવા જવા તેમજ બોધ વાર્તાઓ દ્વારા જ્ઞાન આપી બાળકોને શાળા પ્રત્યે સંવેદનાશીલ કરવામાં સફળતા મેળવી.**

**ઉપયોગીતા / આઉટકમ : ઇનોવેશન દરેક ધોરણ અને દરેક શાળામાં કરી શકે છે. આ ઇનોવેશન ખાસ કરીનેશહેરી વિસ્તારના બાળકો કે જેમના માતાપિતા મજૂરી જાય છે તેવી શાળામા કરવામાં આવે તો વધુ અસરકારકતા જોવા મળે છે. આ ઈનોવેશનમાં કોડીનાર તાલુકાની શ્રી નગડલા પ્રાથમિક શાળામાં ધોરણ 1 અને 2 માં કામ કરતાં શિક્ષક શ્રી બારિયા ધીરેન્દ્રસિંહ દ્વારા અમલ કરવામાં આવ્યો છે તથા તેનું પરિણામ તેઓને મળેલ છે.સાડેશર પ્રા.શાળા માં અમલવારી કરવામાં આવી.**



**પટોળીયા જ્યોત્સનાબેન નાથાભાઈ**
**પીએમ શ્રી ઉનાકુમાર શાળા નં-1**

## નૂતન વર્ષ 2026

ગયું વર્ષ ગયું છે અમારું બધું સંઘર્ષમાં,
ચાલ જોઈએ શું થાય છે આવનારા વર્ષમાં.

ખૂબ લડ્યા , ઝઘડ્યા,વર્ષો ગયા કર્કશમાં,
હવે સ્નેહ, આનંદનો ઉમેરો કરીએ હર્ષમાં,

ખાલી જ આવ્યો જ્યારે હાથ નાખ્યો પર્સમાં,
મહેનત કરી દૂર કરીએ મુશ્કેલી નવા વર્ષમાં.

ખૂબ જ ઝઝૂમવું, બાકી નથી રાખવું કચાસમાં,
હામ ભરીને ઉમેરો કરવો છે નવા વર્ષમાં.

નવું વર્ષ આવ્યું રૂડી તે સવાર લાવ્યું,
મહેનત કરો સફળતા મળશે આ નવું વર્ષ આવ્યુ.

ભૂલી જાઓ ગયા વર્ષના ઝઘડા
નવું વર્ષ ઉજ્જવળ બનાવીએ,
સંબંધો સાચા બનાવી સૌને હસાવીએ.

આપ સૌને તથા આપના પરિવારને મારા
તરફથી નવા વર્ષની હાર્દિક હાર્દિક શુભેચ્છાઓ..

વાળા શ્રેયાંશીબા દિપસિંહ
ધોરણ:8
શ્રી લીલવણ પ્રાથમિક શાળા
તાલુકો: મહુવા
જીલ્લો: ભાવનગર



## આવ્યું આવ્યું નવું વર્ષ

ઢોલ, નગારા શરણાઈ વગડાવો,
સાથે સાથે સૌને નચાવો,
આવ્યું રે આવ્યું નવું વર્ષ આવ્યું...

નવા નવા કપડાં પહેરીને શુભકામના આપો,
સાથે સાથે દીકરીને માન સન્માન આપો,
આવ્યું રે આવ્યો નવું વર્ષ આવ્યુ...

સૌના મોમાં મીઠાઈ ખવડાવો,
મિત્રો સાથે નવા વર્ષનો રંગ જમાવો,
આવ્યું રે આવ્યું નવું વર્ષ આવ્યુ...

ઘરની બધી સાફ સફાઈ કરાવો,
મનમાંથી બુરાઈ ભગાવો,
આવ્યું રે આવ્યું નવું વર્ષ આવ્યું...

એકબીજાને ગળે મળીને,
નાત જાતનો ભેદ દુર કરીએ,
આવ્યું રે આવ્યું નવું વર્ષ આવ્યું...

મોટેરાને પગે લાગો, વડીલોના આશીર્વાદ લો,
દીકરીઓને શિક્ષિત કરી શિક્ષણ અપાવો,
આવ્યું રે આવ્યું નવું વર્ષ આવ્યું...

હસી ખુશીથી આ વર્ષને વધાવીએ,
ઉત્સાહથી 2026 ની શરૂઆત કરીએ,
આવ્યું રે આવ્યું 2026 નું વર્ષ આવ્યું.

ઢાપા દિવ્યા રાણાભાઈ
ધોરણ: 8
શ્રી સથરા પ્રાથમિક શાળા
તાલુકો:મહુવા
જીલ્લો: ભાવનગર



# || વિદ્યાધનમ્ ||

## શૂન્ય (૦) વિશે જાણવા જેવું

આર્યભટ્ટે શૂન્યની શોધ કરી તો રામાયણમાં રાવણના દસ માથાની ગણતરી કેવી રીતે કરવામાં આવી?
રાવણના દસ માથા કેવી રીતે હોઈ શકે, જ્યારે શૂન્યની શોધ આર્યભટ્ટે કરી?
કેટલાક લોકો હિન્દુ ધર્મ અને "રામાયણ", "મહાભારત", "ગીતા" ને કાલ્પનિક દર્શાવવા માટે આ પ્રશ્ન કરે છે કે જ્યારે આર્યભટ્ટે લગભગ ૬ઠ્ઠી સદીમાં (શૂન્ય/ઝીરો) ની શોધ કરી, તો આર્યભટ્ટની શોધના લગભગ ૫૦૦૦ હજાર વર્ષ પહેલાં રામાયણમાં રાવણના ૧૦ માથાની ગણતરી કેવી રીતે કરવામાં આવી!!!
અને મહાભારતમાં કૌરવોની ૧૦૦ ની સંખ્યાની ગણતરી કેવી રીતે કરવામાં આવી!!
જ્યારે તે સમયે લોકો (ઝીરો) ને જાણતા જ નહોતા!!
તો લોકોએ ગણતરી કેવી રીતે કરી!!!!
હવે હું આ પ્રશ્નનો ઉત્તર આપી રહ્યો છું!!
કૃપા કરીને આને સંપૂર્ણ ધ્યાનથી વાંચો!
આર્યભટ્ટ પહેલાં સંસાર ૦ (શૂન્ય) ને નહોતો જાણતો!!
આર્યભટ્ટે જ (શૂન્ય / ઝીરો) ની શોધ કરી, આ એક સત્ય છે!!
પરંતુ આર્યભટ્ટે "૦ (ઝીરો)" ની શોધ અંકોમાં કરી હતી, શબ્દોમાં શોધ નહોતી કરી, તેના પહેલાં ૦ (અંક) ને શબ્દોમાં શૂન્ય કહેવાતું હતું!!!
તે સમયમાં પણ હિન્દુ ધર્મગ્રંથોમાં જેમ કે શિવ પુરાણ, સ્કંદ પુરાણ વગેરેમાં આકાશને શૂન્ય કહેવામાં આવ્યું છે!!
અહીં "શૂન્ય" નો અર્થ અનંતથી થાય છે!!
પરંતુ રામાયણ અને મહાભારત કાળમાં ગણતરી અંકોમાં નહોતી થતી પણ શબ્દોમાં થતી હતી, અને તે પણ સંસ્કૃતમાં!!
તે સમયે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અંકના સ્થાને શબ્દોનો પ્રયોગ થતો હતો અને તે પણ સંસ્કૃતના શબ્દોનો પ્રયોગ થતો હતો!!!
જેમ કે!

* ૧ = પ્રથમ
* ૨ = દ્વિતીય
* ૩ = તૃતીય
* ૪ = ચતુર્થ
* ૫ = પંચમ
* ૬ = ષષ્ઠમ્
* ૭ = સપ્તમ
* ૮ = અષ્ટમ
* ૯ = નવમ
* ૧૦ = દશમ

દશમ = દસ
એટલે "દશમ" માં દસ તો આવી ગયો, પરંતુ અંકનો ૦ (ઝીરો/શૂન્ય) ન આવ્યો. રાવણને દશાનન કહેવામાં આવે છે!!
દશાનન મતલબ દશ + આનન = દસ માથાવાળો.

હવે જુઓ
રાવણના દસ માથાની ગણતરી તો થઈ ગઈ!!
પરંતુ અંકોનો ૦ (ઝીરો) ન આવ્યો!!
આ જ પ્રકારે મહાભારત કાળમાં સંસ્કૃત શબ્દમાં કૌરવોની સોની સંખ્યાને શત-શતમ્ જણાવવામાં આવી!!
'શત્' એક સંસ્કૃતનો શબ્દ છે,
જેનો હિન્દીમાં અર્થ સો (૧૦૦) થાય છે!!
સો (૧૦૦) ને સંસ્કૃતમાં 'શત્' કહે છે!!
શત = સો
આ પ્રકારે મહાભારત કાળમાં કૌરવોની સંખ્યા ગણવામાં સો થઈ ગઈ!!
પરંતુ આ ગણતરીમાં પણ અંકનો ૦૦ (ડબલ ઝીરો) ન આવ્યો, અને ગણતરી પણ પૂરી થઈ ગઈ!!!
મહાભારત ધર્મગ્રંથમાં કૌરવની સંખ્યા 'શત' જણાવવામાં આવી છે!
રોમનમાં પણ
૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ ની
જગ્યાએ (I), (II), (III)
પાંચને V કહેવામાં આવે છે!!
દસને X કહેવામાં આવે છે!!
રોમનમાં X ને દસ કહેવામાં આવે છે!!
X = દસ
આ રોમન X માં અંકનો (ઝીરો/૦) ન આવ્યો!!
અને આપણે દસ વાંચી પણ લીધું
અને ગણતરી પૂરી થઈ ગઈ!!
આ પ્રકારે રોમન વર્ડમાં ક્યાંય ૦ (ઝીરો) નથી આવતો!!
અને તમે પણ રોમનમાં એકથી લઈને સો સુધીની ગણતરી વાંચી-લખી શકો છો!!
તમારે ૦ કે ૦૦ લખવાની જરૂર પણ નથી પડતી!!
પહેલાના જમાનામાં ગણતરીને શબ્દોમાં લખવામાં આવતી હતી!!
તે સમયે અંકોનું જ્ઞાન નહોતું!!
જેમ કે ગીતા, રામાયણમાં ૧, ૨, ૩, ૪, ૫, ૬ કે બાકીના પાઠો (lesson) ને આ પ્રકારે વાંચવામાં આવે છે!!
જેમ કે
(પ્રથમ અધ્યાય, દ્વિતીય અધ્યાય, પંચમ અધ્યાય, દશમ અધ્યાય... વગેરે!!)
આમના "દશમ અધ્યાય" મતલબ
દસમો પાઠ (૧૦ lesson) થાય છે!!
દશમ અધ્યાય = દસમો પાઠ
આમાં દશ શબ્દ તો આવી ગયો!!
પરંતુ આ દશમાં અંકોના ૦ (ઝીરો) નો પ્રયોગ નથી થયો!!
૦ આવ્યા વગર પાઠો (lesson) ની ગણતરી દસ થઈ ગઈ!!
આર્ય ભટ એ શૂન્ય લખવા માટે સિમ્બોલ આપ્યો હતો
લેખનની રીત સરળ બનાવી હતી.

ગૌરાંગ કે દેસાઈ
કમ્પ્યૂટર શિક્ષક
સ્વનિર્ભર શાળા, દાહોદ



## કલમ

કાગળ કલમનો સ્નેહ પણ અદ્દભુત,
લાગણીઓનો દસ્તાવેજ રાખે.

શાહી વડે, હસ્તાક્ષર હૃદયમાં કોતરાવુ.
અંત સમય સુધી રખોપું  કાગળ કરે.

નામ છે મારું કલમ, કામ છે મારું કમાલ,
નાનાં મોટાં સૌને મારી જરૂરિયાત.

સદા રહું તત્પર, કંઇક કરવા કાજ,
જેના હાથમાં રહું, તેનો સાથ નિભાવું.

સારાં - નરસાં દરેક કામમાં મારું સ્થાન,
તલવારથી પણ ધારદાર મારું યોગદાન.

કંઇક ને હસાવું, કંઇક ને રડાવુ.
કંઇક ને રંકમાથી રાજા બનાવું.

કોઈના હૃદયની ઊર્મીઓને,
શબ્દોની  પાંખે ઉડાવુ.

યુવાનોની ઊર્જા,વૃદ્ધોનો અનુભવ,
મારા જાદુથી હર કોઈને દિવાના.

ગુરુ, શિષ્ય, કવિ, લેખક, પંડિત,
સૌને હું પદ, પ્રતિષ્ઠા, પૈસા અપાવું.

હું, કલમ નામે અમૂલ્ય, માલામાલ.
સમજીને કરજો મારો સૌ ઉપયોગ.

જ્ઞાનીઓનાં જ્ઞાનનો, હું છું પ્રકાશ,
કરશો ના મારો દુરુપયોગ વ્હાલાં.

હું જ સર્જક, હું જ શસ્ત્ર,
હું જ ગીતા, કુરાન, બાઇબલ.

કહો, કેવો મારો કમાલ જ્ઞાની મિત્રો,
હું નામે કલમ , વિનંતી કરી નમાવું.

હેમલતા દિવેચા "હેમ".
જૂનાગઢ.



## ટાઢ ભગાવવાનો ધારો

ચાલો બાળો ટાઢને,
સૌ ભેગાં મળી ભગાવો;
નીંદર માંણો મીઠી ગાઢ,
રજાઈ થી પથારી સજાવો.
કડકડ કડકડ કરતી દાઢ,
ચ્યવનપ્રાશથી અટકાવો;
સ્વેટર મોજાં શોધી કાઢ,
પછી ગુલાબી ટાઢ હટાવો.

કસરત દાવ વ્યાયામ,
રમતોથી તન-મન સુધારો;
મફલર કોટ જાકીટ ટોપીનો,
નિત્ય ઉપયોગ વધારો.
સગડી ચૂલા તાપણાંનો,
હરરોજ ચલાવો મારો;
કૂણાં તડકાથી સૂર્યસ્નાન કરો,
પછી ગરમ પાણીનો વારો.

શેરડી બોરાં દ્રાક્ષ ખાવો,
તન તનાટન તગડું બનાવો;
સૂકોમેવો મેથી અડદિયાં પાક પર,
બત્રીસી ચલાવો.
ચ્હા-કૉફી સંગ ગરમાગરમ,
સૂપની ચૂસ્કી લગાવો;
ઊંધિયું સાથે ઉબાડિયું ખાવો,
થરથરતી ઠંડી ભગાવો.

બરફની બનાવટ ઠંડાપીણાંને,
જલ્દીથી આપો જાકારો;
ફ્રીઝમાં પડેલી ચીજવસ્તુને,
ઝટ ના આપો આવકારો.
રસ જ્યુસ શરબતનાં સેવન માટે,
સમય નથી હમણાં સારો;
'સ્વયં' કહે સૌ અપનાવો,'
ટાઢ ભગાવવાનો ધારો'.

પ્રવીણ પટેલ (સ્વયં)
નેશનલ એવોર્ડ વિજેતા
(નિવૃત્ત શિક્ષક)
સાલેજ પ્રાથમિક શાળા,
તા. ગણદેવી, જી. નવસારી



# " ભારતની પ્રાચીન વિદ્યાપીઠો"

વહાલ વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો આપણે જાણીએ છીએ કે પાંચમી સપ્ટેમ્બરના દિવસે આપણે શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ. આ એ દિવસે જ્યારે વિદ્યાર્થીઓ પોતાના આદર્શ એવા શિક્ષકનો રોલ ભજવે છે, અને પોતાના પ્રિય શિક્ષકના એક સન્માન અર્પણ કરે છે .આ તો થઈ શિક્ષક દિવસની વાત પણ આજે હું આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન શિક્ષણ પરંપરા માટે પ્રખ્યાત એવી ભારતની પ્રાચીન વિદ્યાપીઠો વિશે વાત કરવા માગું છું.

ભારતની પ્રાચીન વિદ્યાપીઠો ની શિક્ષણ પદ્ધતિ: ભારતની પ્રાચીન વિદ્યાપીઠોમાં અગાઉની જેમ જ આર્યોના સમયની શિક્ષણ પદ્ધતિ હતી એ પ્રવાહ અખંડિત રહેલો જણાય છે.સાત વર્ષની ઉંમરે વિદ્યાર્થી આશ્રમ અથવા મઠમાં ગુરુ પાસે વિદ્યાઅભ્યાસ માટે જતો આશ્રમના નાના-મોટા કાર્ય કરી ગુરુનો નિકટ પરિચય પામી ગુરુ મુખે મોટાભાગનું જ્ઞાન પ્રાપ્ત કરતો હતો .આ સંસ્થાઓ વિદ્યાર્થીઓને વ્યાકરણ અને સાહિત્ય ,શિલ્પ, ચિકિત્સા,ધર્મ અને તત્વજ્ઞાનના નામે ઓળખાતા પાંચ શાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં આવતો.

તો આપણે પ્રાચીન શિક્ષણ પદ્ધતિથી જે શિક્ષણ આપવામાં આવતું હતું તેવું આપણી ભારતીય પ્રાચીન વિદ્યાપીઠો વિશે જાણીએ.....

તક્ષશિલા વિદ્યાપીઠ: વિશ્વની સૌથી જૂની વિદ્યાપીઠોમાં જેની ગણના થઈ શકે તેવી માત્ર ભારતની નહીં પરંતુ સમસ્ત એશિયાની આ વિદ્યાદાત્રી ભારતના વાયવ્ય પ્રવેશદ્વાર ઉપર કુદરતના અપ્રિતમ સુંદરતાના ખોળે વિકસી હતી. દૌમ્ય ઋષિ ,ચાણક્ય પાણિની, નાગાર્જુન જેવા ભારતના સમર્થ પંડિતો દ્વારા શિક્ષણ આપવામાં આવતું,કનિષ્કના સમયમાં તેનો વિકાસ પૂર્ણરૂપે એપહોંચ્યો હતો. યુદ્ધ કલાની તાલીમ માટે પણ એ ખૂબ જ મશહૂર હતી. જગતમાં બીજી કોઈ વિદ્યાપીઠે ન ભોગવ્યું હોય એવું 12 સૌકા નું યશસ્વીને દીર્ઘ સમય સુધી તેનું અસ્તિત્વ રહ્યું હતું. ઈસવીસન 500ના વરસામાં તોરલમણ ટોળાઓના હુમલો કરતા આ વિદ્યાપીઠ નાશ પામી હતી.

નાલંદા વિદ્યાપીઠ: પટણા અને ગયા ની વચ્ચે ગંગા નદીના કિનારે અતિ રમણીય સ્થળે આ વિદ્યાપીઠ વસી હતી. અહીંનુ તમામ બાંધકામ ખૂબ જ મજબૂત હતું. ઉંચી વેદશાળા એના વિશાળ કોટ એનું ભવ્ય વિદ્યાલય એ તેની ચારે બાજુ આઠ સભા ગૃહો અને સૌ વ્યાખ્યાન ખંડોનું અદ્ભુત રચના હતી ઈ.સ પાંચમી સદીમાં સ્થાપવામાં આવેલી વિશાળ નાલંદા વિશ્વ કક્ષાની વિદ્યાપીઠ હતી, તેની સ્થાપનાથી માંડી તેના વિનાશ થયો ત્યાં સુધી સાત સાત- સાત દાયકાની ભવ્ય જાહોજલાલી ભોગવી હતી.

અહીં વિદ્યા અભ્યાસનું ધોરણ ખૂબ જ ઊંચું હતું. નાલંદામાં ધર્મ અને ફિલોસોફીનું વ્યાકરણ, તર્કશાસ્ત્ર અને સાહિત્યના અભ્યાસ મુખ્ય કેન્દ્ર હતું. નાલંદામાં 10,000 વિદ્યાર્થીઓ અને 1500 અધ્યાપકો રહેતા હતા ,તેના નિભાવ માટે તે સમયના ગામો જાગીરો અને ભારતના રાજવીઓ આર્થિક મદદ કરતા હતા.

વિક્રમશીલા વિદ્યાપીઠ: ગંગા નદીના કિનારે ભાગલપુર જિલ્લામાં વિક્રમશીલા વિદ્યાપીઠ અસ્તિત્વમાં આવી હતી .તે સમયે તિબેટ માંથી ઘણી મોટી સંખ્યામાં છાત્રો આવતા તેથી વિક્રમશીલા વિદ્યાપીઠનું વિદ્યાર્થીઓનું એક છાત્રાલય તિબેટભવન ના નામે ઓળખાતું. 8000 વિદ્યાર્થીઓ બેસી શકે એવું વિશાળ સભાસ્થાન વિક્રમશીલામાં હતું.

વિક્રમશીલા ફરતે એક વિશાળ કોટ હતો તેમાં છ પ્રવેશદ્વાર હતા દરેક ઉપર એક વિદ્વાન આચાર્યની દેખરેખ રહેતી હતી 6 આચાર્ય અને વિદ્યાપીઠના પ્રમુખ આચાર્ય મળી સમર્થ પંડિતો વિક્રમશીલા નો વહીવટ કરતા હતા.

વલભી વિદ્યાપીઠ : સૌરાષ્ટ્ર પૂર્વ ભાગમાં ભાવનગરથી વાયવ્ય દિશામાં 29 કિલોમીટરના અંતરે વલભી ગામમાં આ પ્રાચીન વિદ્યાપીઠ આવેલી હતી.વલભી વિદ્યાપીઠ વિદ્યાઓના જાણકાર બ્રાહ્મણો દ્વારા શિક્ષા આપવામાં આવતી હતી. વલભી વિદ્યાપીઠ નાલંદા જેવી ઉચ્ચ શિક્ષણ માટેની વિદ્યાપીઠ હતી, તેમાં શબ્દવિદ્યા,ન્યાયવિદ્યા ,શિલ્પ વિદ્યા તથા ચિકિત્સાવિદ્યાનુ શિક્ષણ આપવામાં આવતું. વિદ્યાપીઠમાં પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ આપવા આવતો, નવીન ગ્રંથોનું અધ્યયન કરવામાં આવતું હતુ. મૈત્રક કાળમાં વલભીમાં બૌદ્ધ ભિક્ષુકોના વિશાળ વિહારો બંધાયા હતા,તેથી આ સંસ્થામાં બૌદ્ધ ધર્મના શિક્ષણની પ્રવૃત્તિ મોટાપાયે ચાલતી હતી. ઈ.સ. 779 માં દાન આપતા રાજાઓ પર અરબોએ હુમલો કર્યો તેથી આ વિદ્યાપીઠ ધીમે ધીમે નબળી પડતી ગઈ અને તેને ખૂબ જ મોટો ફટકો લાગ્યો , રાજાઓની અંતે 12 મી સદીમાં હાર થતા સંસ્થાની તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ધીમે ધીમે બંધ થઈ અને વિદ્યાપીઠ આખરે બંધ થઈ ગઈ.

આમ, આ પ્રાચીન વિદ્યાપીઠોએ ભારતની શિક્ષણ પદ્ધતિનો

સ્તંભ માની શકાય .શિક્ષણકાર્ય ને આગળ લઈ જવા માટે ખૂબ જ મહત્વનો ભાગ ભજવેલો હતો. અને આજે એના મૂલ્યો પર આપણું શિક્ષણ ટકેલું છે....,



કાજલબેન ડી. દેવાણી
શ્રીહનુમાનપુર પ્રાથમિક શાળા
તાલુકો-ખાંભા જીલ્લો-અમરેલી

## "રૂપાળો દરિયો"

તું મારો રૂપાળો દરિયો છે.
તું મારો રૂપાળો દરિયો છે.

ખળખળતો ખળખળતો દરિયો છે.
તું મારો રૂપાળો દરિયો છે.

ક્યારે પણ ઓટ થાય;
ક્યારે પણ ભરતી થાય,
ક્યારે પણ ઓટ થાય;
ક્યારે પણ ભરતી થાય,
ઓટવાળો ભરતીવાળો દરિયો છે.
તું મારો રૂપાળો દરિયો છે..

સુખનો પણ સાથી છે;
દુ:ખનો પણ સાથી છે.
સુખનો પણ સાથી છે;
દુ:ખનો પણ સાથી છે.
લહેર લહેર લહેરાતો દરિયો છે..

તું મારો રૂપાળો દરિયો છે.
તું મારો રૂપાળો દરિયો છે..

બાળ લેખિકા :
આર્ના ધૈવત હાથી
( અમદાવાદ )



## મારું મિત્ર મંડળ

મારું મિત્ર મંડળ છે એવું ,
સદા રહેતું મોજમાં કેવું ,
સાત સરખા જ્યાં ભેગા થાય ,
ત્યાં જ એકતાની વાત જણાય .

કડવી વાતો કદી મુખે નહીં ,
મીઠાસમાં જ છે દુનિયા રહી ,
મારામારી ને ઝગડા તો કર્યા થાય ,
કોઈ રિસાઈ જાય તો મનાવા જાય .

કોઈ ગાવામાં છે વીર ,
તો કોઈ ફૂટબોલ માં માહિર ,
રુધવ  ને અંશ ની શું કરું વાત ભાઈ ,
રાહી  , અનાયરા ની દોસ્તી વખણાઈ .

પહેલ ને પ્રાર્થના ની દોસ્તી અતૂટ ,
આરના ની તો વાત જ શું ???
આ છે મિત્ર મંડળ સાત સરખાનું ,
એટલે જ છે આવું પ્યારું .

સાત સરખાની વાત ન થાય ,
આ મિત્ર મંડળ જ્યારે ભેગું થાય ,
પ્રાર્થના એ જ પ્રભુને આજ ,
સદાય રહે આવો સંગાથ .

બાળ લેખિકા :
પટેલ પ્રાર્થના જીગ્નેશભાઈ
( અમદાવાદ )



## ઉત્તરાયણ : ઉમંગ અને હૃદયમાં ઉદારતાનો પર્વ

ગુજરાતનો સૌથી પ્રિય અને હૃદયની નજીકનો તહેવાર એટલે ઉત્તરાયણ. દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ જ્યારે સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશે છે, ત્યારે આ પર્વને આપણે 'મકર સંક્રાંતિ' તરીકે પણ ઉજવીએ છીએ. ઉત્તરાયણ માત્ર પતંગ ચગાવવાનો ઉત્સવ નથી, પરંતુ તે અંધકારથી પ્રકાશ તરફ જવાનો અને જીવનમાં ઊંચી ઉડાન ભરવાનો સંદેશ આપે છે.

આકાશમાં પતંગોની રંગત : ઉત્તરાયણ એટલે ધાબા પર ડી.જે.ના તાલે થતી મસ્તી, 'કાઈ પો છે' ના ગુંજતા નાદ અને આકાશમાં લહેરાતી રંગબેરંગી પતંગો. પતંગ આપણને શીખવે છે કે જો સંયમ (દોરી) અને લક્ષ્ય (આકાશ) સાચા હોય, તો પવનની ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપણે ઊંચાઈ સર કરી શકીએ છીએ.

મીઠાશ અને પરંપરા : આ પર્વમાં તલ-ગોળના લાડુ, ચીકી અને ગરમાગરમ 'ઊંધિયું-જલેબી'નો સ્વાદ અનેરો હોય છે. આયુર્વેદની દ્રષ્ટિએ પણ ઠંડીની ઋતુમાં તલ અને ગોળ સ્વાસ્થ્ય માટે ઉત્તમ માનવામાં આવે છે. વળી, 'તલ-ગોળ'ની જેમ જ આપણે પણ એકબીજા સાથે હળીમળીને મીઠાશભર્યું વર્તન કરવું જોઈએ, તેવો આ તહેવારનો સામાજિક સંદેશ છે.

દાન અને પુણ્યનો મહિમા : ઉત્તરાયણને દાનનો પર્વ માનવામાં આવે છે. આ દિવસે લોકો ગાયોને ઘાસ (લીલું છાણું), ગરીબોને અન્ન અને વસ્ત્રોનું દાન કરે છે. કહેવાય છે કે આ દિવસે કરેલું પુણ્ય અક્ષય રહે છે.

ઉત્તરાયણના આનંદમાં આપણે મૂંગા પક્ષીઓને ન ભૂલવા જોઈએ. આપણી કાચ પાયેલી દોરીથી નિર્દોષ પક્ષીઓ ઘાયલ ન થાય તેનું ધ્યાન રાખવું એ જ સાચી માનવતા છે. સવારના વહેલા અને સાંજના સમયે જ્યારે પક્ષીઓનો ઉડવાનો સમય હોય, ત્યારે પતંગ ચગાવવાનું ટાળવું જોઈએ.

આમ, જેમ પતંગ આકાશમાં ઊંચે જવા માટે પવનનો સામનો કરે છે, તેમ આપણે પણ જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરીને પ્રગતિ કરવી જોઈએ. પતંગ કપાય તો પણ નવો પતંગ ચગાવવાની હિંમત રાખવી—એ જ જીવનનો સાચો ઉત્સાહ છે.

**સંકલિત**



## ભણતર સાથે રમત

એક ગામ હતું. તે ગામનું નામ રામપુર હતું. રામપુર ગામમાં એક પરિવાર રહેતો હતો તે પરિવારમાં મમ્મી પપ્પા દાદી અને બે છોકરા રહેતા હતા. એકનું નામ સાહિલ અને બીજા નું નામ રાજુ હતું. તે શાળાએ સાથે ભણવા જતા અને તે રાજુ ધોરણ નવમા અભ્યાસ કરતો હતો. રાજુ તો ઘણો હોશિયાર હતો અને સાહિલ ભણવામાં ધ્યાન ન આપે અને તેની ફરિયાદ રોજ શાળાએથી આવે.

અને રાજુ ના આખી સ્કૂલમાં વખાણ થાય છે. તો તેની મમ્મી કહે સાહિલ બેટા એક વાત કહું સાહિલ કહે મમ્મી મારે તમારી વાત નથી સાંભળવી. તેની મમ્મી કહે સાહિલ તું ભણવામાં ધ્યાન આપ તો સાહિલ કાંઈ પણ સાંભળ્યા વગર તે રમવા જાય. એમ વર્ષો ને વર્ષો વીત્યા અને તે કોલેજમાં આવી ગયો.


સાહિલ તેની મમ્મીને કહે મમ્મી હું  દસમા અને 12 મામા માં તો નપાસ થયો હતો. સાહિલ કહે મમ્મી મારું એક સપનું છે.તો તેની દાદી કહે જો બેટા શું તારું સપનું છે. સાહિલ કહે મારું સપનું કેપ્ટન બનવાનું છે. સાહિલ તેની દાદી ને કહે દાદી મારે ભણવું તો નહોતું પણ મારે કેપ્ટન બનવું હતું.

તેની મમ્મી કહે શાનો કેપ્ટન ? સાહિલ તેની મમ્મીને કહે મમ્મી મારે કબડ્ડી નુ કેપ્ટન બનવું છે. આજથી જ હું મહેનત કરીશ. મહેનત કરી અને  કબડ્ડીનો કેપ્ટન બન્યો. ત્યારે જ રાજુ આવ્યો અને કહે તેમની દાદીને અને તેના પપ્પાને અને તેની મમ્મીને કે મમ્મી હું શિક્ષક બની ગયો છું.

ત્યારે તેના પપ્પા કહે બેટા તે દાદાની ઈચ્છા પૂરી કરી દીધી છે. ત્યારે તેના પપ્પા કહે સાહિલ તુમ મહેનત કરજે અને કબડ્ડીનો કેપ્ટન બનજે. સાહિલે મહેનત કરી અને તે કેપ્ટન બન્યો.

બોધ:-આ વાર્તામાં તે શીખ મળે છે કે આપણે ભણાવવું જોઈએ. ભણવું તો જોઈએ પણ સાથે સાથે બીજી પણ એક્ટિવિટી કરવી જોઈએ.

બાળ લેખક:-મકવાણા પુરી લાખાભાઈ
શ્રી બિલડી સીમ શાળા:-૨(બખરલા, પોરબંદર)
ધોરણ:-૭
(માર્ગદર્શક:-હર્ષાબેન પઢીયાર)



## ઉત્તરાયણ

જે સિઝનમાં બાળકો સૌથી વધુ ખુશ હોય તે સીઝન એટલે મકરસંક્રાંતિ.

પોશ મહિનામાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશતો હોવાથી આ ઉત્સવ ને મકરસંક્રાંતિ કહે છે. સૂર્ય સહેજ ઉત્તર દિશા તરફ ખસતો જાય છે તેથી ઉત્તરાયણ પણ કહે છે .આ ઉત્સવ નું સાંસ્કૃતિક રીતે પણ અનોખું મહત્વ છે.

જેમ સૂર્ય આ દિવસે અંધકાર ઉપર હુમલો  કરે છે તેમ આપણે પણ આ દિવસે આપણા જીવનના અંધકાર રૂપી ખરાબ કર્મો અને કામ, ક્રોધ, લોભ, મોહને છોડી દેવા જોઈએ.

પિતામહ ભીષ્મ એતો મૃત્યુ માટે યમરાજ ને પણ મકરસંક્રાંતિ સુધી રોકી રાખ્યો હતો. તો એમ આપણા હિન્દુઓ પણ ઝંખે છે કે મારું મૃત્યુ મકરસંક્રાંતિ પછી થાય.

મકરસંક્રાંતિ એટલે પ્રકાશનો અંધકાર પર વિજય. માણસનું જીવન પણ પ્રકાશ અને અંધકારથી ઢંકાયેલું છે. આપણે પણ કુસંસ્કાર, અજ્ઞાન, અને અંધશ્રદ્ધા તથા વહેમને આપણા જીવનમાંથી દૂર કરવા જોઈએ.

આ ઉત્સવ નિમિત્તે સ્નેહીઓને ત્યાં જવાનું, તલનો લાડુ આપવાનો, જુના વિવાદ કાઢી નાખવાનો, આજ સાચી સંક્રાંતિ છે.

આ ઉત્સવ મહારાષ્ટ્રમાં પણ ખૂબ પ્રચલિત છે. ત્યાં પણ તલના લાડુ આપવાની પ્રથા છે. અને આપણે ત્યાં બ્રાહ્મણને લાડુ આપવાની પ્રથા છે. આ તલ ગોળના લાડુ ની પાછળ વૈજ્ઞાનિક કારણ પણ છે. શિયાળાની સખત ઠંડીમાં શરીરનું અંગે અંગ જકડાઈ જાય, લોહીનું ભ્રમણ બંધ થવાની શક્યતા રહે, અને શરીર રૂક્ષ થાય ત્યારે તેને સ્નિગ્ધતા ની જરૂર રહે છે. અને તલમાં સ્નિગ્ધતા નો ગુણ ભરપૂર હોય છે.

આ દિવસે પતંગ ચગાવવાની પ્રથા શરૂ થઈ અને તેની પાછળ પણ વિશેષ અર્થ રહેલો છે. સામાન્ય રીતે પતંગ ચગાવવા ખુલ્લા મેદાનમાં કે અગાસી પર જવું પડે અને ત્યાં સૂર્યપ્રકાશ મળે, અને આ દિવસનું સૂર્યપ્રકાશ પણ સારો. પણ પતંગની મજા ત્યાં સુધી જ્ હોય જ્યાં સુધી તેની દોરી કોઈ સારા વ્યક્તિના હાથમાં હોય. એમ જ આપણે પણ જો ખરાબ કર્મો કરીએ અને ભગવાન એના હાથમાંથી આપણા જીવનરૂપી પતંગની દોરી મૂકી દે તો?

ટૂંકમાં આ પર્વ નિમિત્તે સૂર્ય નો પ્રકાશ ,તલ ગોળને મીઠાશ ,અને પતંગનો તેના સૂત્રધાર પર વિશ્વાસ આપણા જીવનમાં સાકાર થાય તો જ આપણા જીવનની મીઠાશ ટકી રહે છે.

બાળ લેખિકા ખૂટી પંછી
ધોરણ : સાત
શ્રી બીલડી  સીમ શાળા 2
બખરલા પોરબંદર
માર્ગદર્શક : અશ્વિનાબેન, ધોળકિયા, હર્ષાબેન પઢીયાર, કમલેશભાઈ પટેલ



## ક્રિયાત્મક સંશોધન

હાલના યુગમાં અંગ્રેજી ભાષાનું મહત્વ વધતું જાય છે, પરંતુ ઘણા વિદ્યાર્થીઓ અંગ્રેજી લેખનમાં તકલીફ અનુભવે છે.આ સંશોધન ધોરણ 10 ના વિદ્યાર્થીઓ દ્વારા નિબંધ અને અહેવાલ લેખનમાં થતી સામાન્ય ભૂલોને સમજવા અને દૂર કરવા માટે હાથ ધરાયું હતું.સંશોધન દરમિયાન વિવિધ વ્યાકરણ સંબંધિત તકલીફો, શબ્દભંડોળની ખોટ અને વાક્ય રચનાની જટિલતાઓ સામે પડકારો જોવા મળ્યા.આ અભ્યાસના તારણો શિક્ષકોને વધુ અસરકારક શિક્ષણ પદ્ધતિઓ અપનાવવા માટે માર્ગદર્શક સાબિત થશે.

હાલનુ વર્ષ-૨૦૨૫ માં કરેલું ક્રિયાત્મક સંશોધન જે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કુકસ – મહેસાણા ખાતે રજુ કર્યું તેની સંક્ષિપ્તમાં રજૂઆત કરી છે. મારો સંશોધનનો વિષય : ધોરણ :૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષયમાં નિબંધ/અહેવાલ લેખનમાં ભૂલો કરે છે. તેના પર આધારિત છે. આ સંશોધન મે ગત વર્ષ : ૨૦૨૪ માં કરેલો જે સંપૂર્ણ સફળ રહ્યો હતો. મારા ધોરણ:૧૦/ડ ના વર્ગમાં કુલ ૫૭ વિધ્યાર્થીઓ હતા જેઓ એસ. એસ. સી બોર્ડની પરીક્ષામાં અંગ્રેજીમાં વિષયમાં તમામ ઉત્તીર્ણ થયા હતા. આ સંશોધનનો ટૂંકસાર અહી રજુ કરવામાં આવ્યો છે. જે અન્ય શિક્ષકમિત્રોને તેમની શાળામાં ઉપયોગી થઈ પડશે.

સંશોધક નું નામ :- મહેન્દ્રકુમાર રામજીભાઇ ચૌધરી (મદદનીશ શિક્ષક)

“કે.પી.પટેલ સેકન્ડરી અને એસ. યુ. પટેલ ઉ.મા.શાળા –વિજાપુરના માધ્યમિક વિભાગના ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં નિબંધ/અહેવાલ લેખનમાં ભૂલો કરે છે.”

કે.પી.પટેલ સેકન્ડરી અને એસ. યુ. પટેલ ઉ. મા. શાળા – વિજાપુરના ધોરણ:-૧૦/ડના વિદ્યાર્થીઓ.

(1) વિદ્યાર્થીઓ દ્વારા વાક્યરચનામાં કર્તા,ક્રિયાપદ અને કર્મની યોગ્ય ગોઠવણીનો ખ્યાલ નહોતો.
(2)વિદ્યાર્થીઓને Simple Sentence, Compund Sentence અને Complex Sentenceની રચના ખબર નથી.
(3)વિદ્યાર્થીઓમાં મોટેભાગે Pronouns, Verbs, Prepositions, Adverb, Article વગેરેની બિલકુલ સમજ નહોતી.
(4) વિદ્યાર્થીઓમાં “vocabularly”(શબ્દ ભંડોળ)નો અભાવ જોવા મળ્યો.
વિદ્યાર્થીઓમાં વિવિધ કાળની રચનાને પારખવામાં મુશ્કેલી પડતી જણાઈ

ઉત્કલ્પનાની રચના :
(1) જો વિદ્યાર્થીઓ વધુ વ્યાકરણ અભ્યાસ કરશે, તો તેમના અંગ્રેજી લેખનમાં વ્યાકરણની ભૂલો ઘટાડવા માટે વધુ સફળતા મળશે.
(2) જો વિદ્યાર્થીઓ જેમ વધુ શબ્દાવલિનો અભ્યાસ કરશે, તો તેઓના અંગ્રેજી લેખનમાં તેની ખોટને સુધારી શકે છે.
(3) જો વિદ્યાર્થીઓ લેખન માટે યોગ્ય માળખાની અનુસરણ કરે છે, તો તેઓના અહેવાલોમાં સચોટતા અને સુનિશ્ચિતતા વધુ રહેશે.
(4) જો વિદ્યાર્થીઓ એડિટિંગ અને પુનરાવૃત્તિની પદ્ધતિઓનો ઉપયોગ કરશે, તો તેમની લેખનની ગુણવત્તામાં વધુ સુધારો થશે.

પરિણામ અને તારણો :
(1) વર્ગખંડમાં શિક્ષકશ્રીઓએ વિવિધ નિબંધો અને અહેવાલોના નમૂના તૈયાર કરાવવા.
(2) વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયમાં અગાઉના પાયાના જ્ઞાનની ચકાસણી કરવી.
(3) ઓનલાઈન વેબસાઇટ જેના થકી ક્વિઝ તૈયાર કરવી કે તૈયાર ક્વિઝ નો ઉપયોગ કરીને અધ્યયન અને અધ્યાપન પદ્ધતિને અસરકારક કરવી.
(4) સ્માર્ટ બોર્ડની મદદથી વર્ગખંડમાં અંગ્રેજી વિષયને અનુરૂપ ચાર્ટ, ચિત્રો, વિડીયો જેવાં ફ્રી સોર્સીસનો ઉપયોગ શિક્ષણ કાર્ય દરમિયાન કરવો.

સમસ્યાના સંભવિત કારણો :

| ક્રમ | સંભવિત કારણો | આધાર | | શિક્ષક કઈ કરી શકે ? | | અગ્રતાક્રમ |
|---|---|---|---|---|---|---|
| | | હકીકત | ધારણા | હા | ના | |
| 1 | ભણવામાં અરુચિ હોય. | | ✓ | | ✓ | |
| 2 | વ્યાકરણના નિયમો વિશે પૂરતું જ્ઞાન ન હોવું. | ✓ | | | | 1 |
| 3 | શિક્ષકની ભણાવવાની પદ્ધતિ પસંદ ન હોય. | | ✓ | ✓ | | 2 |
| 4 | નવા અને અનુરૂપ શબ્દોના અભાવ. | ✓ | | ✓ | | 4 |
| 5 | વાક્યની યોગ્ય રચનામાં સમજ ન હોય. | ✓ | | ✓ | | 3 |
| 6 | વાંચનમાં નબળાઈ ધરાવતો હોય. | ✓ | | ✓ | | 7 |
| 7 | અગાઉના ધોરણમાં વિષય ની કચાસ હોય. | | | | | 8 |
| 8 | અભ્યાસ માટે શ્રેષ્ઠ પદ્ધતિઓની અભાવ. | | | | | 5 |
| 9 | લેખન કાર્ય માટે જરૂરી શબ્દભંડોળ નો અભાવ હોય. | | | | | 6 |
| 10 | લેખન પર સુધારણા ન કરવી. | | | | | 9 |

**અનુકાર્ય :**

- **વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમિયાન નબળા વિદ્યાર્થીઓને સહાયક સાહિત્ય પૂરું પાડીને અભ્યાસકાર્યમાં પ્રોત્સાહન આપવું જોઈએ.**
- **શિક્ષકોએ અંગ્રેજી ભાષાની સમજ સરળ થી કઠિન તરફ લઈ જતાં વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.**
- **નબળાં વિદ્યાર્થીઓના સ્માર્ટ બોર્ડની મદદથી શિક્ષણકાર્ય દરમિયાન નવીન અભિગમ જેમકે વિવિધ એજ્યુકેશનલ વેબસાઇટ, ઇ-કન્ટેન્ટ, વેબ રિસોર્સિસ ઉપયોગ કરીને તેમની કચાશ દૂર કરવી જોઈએ.**



મહેન્દ્રકુમાર રામજીભાઈ ચૌધરી
મદદનીશ શિક્ષક
કે.પી.પટેલ સેકન્ડરી અને
એસ.યુ.પટેલ ઉ. મા. શાળા -
વિજાપુર, મહેસાણા

## વ્યાકરણ TLM

**દિયોદર પગારકેન્દ્ર શાળા નં. ૨**
**પ્રોજેક્ટનું નામ : ટી.એલ.એમ. નિર્માણ**
**વિષય : ગુજરાતી**
**વિષયાંગ : વ્યાકરણ**

નવી શિક્ષણ નીતિ 2020 માં સૂચિત ભાષા શિક્ષણના આયામમાં વ્યાકરણ શિક્ષણને ગોખણપટ્ટીથી મુક્ત રાખીને વ્યવહારિક બનાવવાનું સુચન કરેલ છે. જે અંતર્ગત શાળાના બાળકો વ્યાકરણના નિયમોને ગોખે નહિ પણ સમજે તે અગત્યની બાબત છે. આ માટે વ્યાકરણ શિક્ષણને રસપ્રદ અને ચિરંજીવી બનાવવા માટે આ શિક્ષણ સ્વાનુભવવાળું અને પ્રેક્ટીકલ હોય તે જરૂરી છે.

આ માટે અમારી શાળામાં એક વિશિષ્ટ પ્રયોગ કરવામાં આવ્યો. જે મુજબ વ્યાકરણની કઠીન સંકલ્પનાઓને અલગ તારવવામાં આવી. અને તેના ચાર્ટ  નિર્માણ કરવામાં આવ્યા. જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

સંધિ
સમાસ
અલંકાર
વિરામચિહ્ન
સંજ્ઞા
વિશેષણ
સમાનાર્થી – વિરુદ્ધાર્થી
લિંગ- વચન



**કાર્યવ્યવસ્થાપન :**
આ માટે શાળાના બાળકોની અલગ અલગ ટુકડી બનાવી તેમની વચ્ચે મુદ્દાઓની વહેચણીન કરવામાં આવી. તેમને વ્યકારણના પુસ્તકોનો અભ્યાસ કરી વ્યકારણના મુદ્દાઓને સરળ ભાષામાં ચાર્ટ પર આલેખિત કર્યા. અને છેવટે આ ચાર્ટને તેમને લાગુ પડતા ધોરણોમાં દીવાલો પર પ્રસ્થાપિત કરવામાં આવ્યા. જેથી વર્ગના બાળકો હરતા ફરતા તેનો અભ્યાસ અને મહાવરો કરી શકે.

માર્ગદર્શક :
શ્રી કલ્પેશભાઈ મોદી
ભાષા શિક્ષક



# નિષ્ઠા, સમજદારી અને સંસ્કારની વાત

એક સુંદર અને શાંતિપૂર્ણ ગામ હતું, જેનું નામ રૂણી. આ ગામના લોકો ખૂબ જ દયાળુ અને ભલા સ્વભાવના હતા. આ ગામમાં કમળા નામની એક નાનકડી છોકરી રહેતી હતી. નાનપણથી જ તેણે પોતાના માતા-પિતા ગુમાવ્યા હતા અને તે તેના દાદા-દાદી પાસે રહેતી હતી. કમળા સ્વભાવે અત્યંત દયાળુ, સમજદાર અને હોશિયાર હતી. તે પોતાના દાદા-દાદીની ખૂબ કાળજી રાખતી અને તેમને જ પોતાના ભગવાન માનતી હતી. તેઓ એક નાનકડી ઝૂંપડીમાં રહીને માંડ ગુજરાન ચલાવતા હતા. કમળા શાકભાજી વેચીને ઘર ચલાવવામાં મદદ કરતી.

કમળાના દાદા તેને રોજ નવી નવી વાર્તાઓ કહેતા, સંસ્કારી વાતો શીખવતા, અને કમળા પણ ખૂબ ધ્યાનથી સાંભળતી. દાદી પણ તેને જીવનના અનુભવો અને અવનવી વાતો કહેતા. દાદા-દાદીનો પ્રેમ જ કમળા માટે સર્વસ્વ હતો.

એક દિવસ સવારમાં, કમળા શાકભાજીનો ટોપલો લઈને ગામમાં વેચવા જઈ રહી હતી. ચાલતા ચાલતા અચાનક તેની નજર રસ્તા પર પડેલા એક પાકિટ પર પડી. તેણે પાકિટ ખોલીને જોયું તો તેમાં ઘણા પૈસા હતા. તે જ સમયે તેણે જોયું કે એક માણસ ચિંતિત થઈને આસપાસ કંઈક શોધી રહ્યો હતો. કમળા સમજી ગઈ કે આ પાકિટ તે માણસનું જ છે. તેણે તરત જ તે માણસ પાસે જઈને પાકિટ પાછું આપ્યું.

તે માણસ પાકિટ પાછું મળવાથી ખૂબ ખુશ થયો. તેણે કમળાનો આભાર માન્યો અને કહ્યું, "બહેન, આ થોડા પૈસા રાખો, તે તમને કામ આવશે. તમે ખૂબ જ ઈમાનદાર છો." કમળાના મનમાં એક ક્ષણ માટે વિચાર આવ્યો કે, 'મારા દાદા બીમાર છે અને તેમને દવા માટે પૈસાની ખૂબ જરૂર છે.' પરંતુ તરત જ તેને દાદા-દાદીના સંસ્કાર યાદ આવ્યા. તેણે વિચાર્યું, 'આ પૈસા મારી મહેનતના નથી, હું આ રીતે કોઈના પૈસા ન લઈ શકું.'

તેણે પેલા ભાઈને નમ્રતાપૂર્વક કહ્યું, "ભાઈ, મારે આ પૈસા નથી જોઈતા. પણ જો તમારે મને કંઈ આપવું જ હોય, તો મહેરબાની કરીને મારા આ શાકભાજી ખરીદી લો." ભાઈને કમળાની ઈમાનદારી અને સ્વમાન પર ખૂબ માન થયું. તેણે કહ્યું, "બહેન, મારે શાકભાજી તો જોઈએ જ છે. તો લો આ પૈસા અને મને શાકભાજી આપી દો." તેણે ખુશી ખુશી બધા શાકભાજી ખરીદી લીધા.

પેલા ભાઈએ ફરી પૂછ્યું, "બહેન, તે મારી પાસેથી સીધા પૈસા કેમ ન લીધા ?" કમળાએ ગર્વથી જવાબ આપ્યો, "ના, મને મારા દાદા-દાદીએ શીખવ્યું છે કે હંમેશાં મારી પોતાની મહેનતથી જ કામ કરવું. આ પાકિટ તમને પાછું આપવું એ મારું કર્તવ્ય હતું, પણ હું કોઈના પૈસા નહીં લઈશ. મારી મહેનતના પૈસા આવે તે જ હું સ્વીકારીશ." પેલા ભાઈ કમળાની વાત સાંભળીને ખૂબ પ્રભાવિત થયા. તેમણે કહ્યું, "ખરેખર બહેન, તમે ખૂબ જ દયાળુ અને સંસ્કારી છો." આમ કહીને તેમણે કમળાનો આભાર માન્યો.

કમળા શાકભાજી વેચીને મળેલા પૈસા લઈને તરત જ ઘરે ગઈ. તેના દાદા અચાનક ગંભીર રીતે માંદા પડ્યા હતા. તેણે તરત જ તે પૈસા વડે દાદાને દવાખાને લઈ ગઈ અને તેમની સારવાર કરાવી. ડોક્ટરોની સમયસરની સારવાર અને કમળાની મહેનતના પૈસાથી તેના દાદાનો જીવ બચી ગયો.

થોડા દિવસો પછી, એક માણસ તેમના ઘરે પૈસાની ઉઘરાણી કરવા આવ્યો. કમળાના દાદા-દાદીએ તેની પાસેથી દવા માટે પૈસા ઉધાર લીધા હતા. તે માણસે કઠોર અવાજે કહ્યું, "હવે તો મારા પૈસા પાછા ચૂકવી દો." તે સમયે તેમની પાસે પૈસા નહોતા. આ ગરીબ લોકો પાસે ક્યાંથી એટલા પૈસા હોય ? તે માણસે ધમકી આપી, "જો બે દિવસમાં મારા પૈસા ન આવ્યા, તો હું તમારા ઉપર કેસ કરીશ!" તે માણસે વિચાર્યું પણ નહીં કે આ ગરીબ પરિવાર પાસે આટલા પૈસા ક્યાંથી આવશે. તેણે ખરેખર તો પૈસા પાછા આપવા માટે એક મહિનાનો વાયદો આપ્યો હતો, અને તે મહિનામાં હજુ એક અઠવાડિયું બાકી હતું.

કમળાએ આ બધી વાત સાંભળી. તેના મગજમાં એક વિચાર ચમક્યો. તેણે દાદા-દાદીને શાંત પાડ્યા અને કહ્યું, "આપણે બે દિવસમાં તેના પૈસા આપીશું નહીં." દાદા-દાદીએ આશ્ચર્યથી પૂછ્યું, "કેમ બેટા ? જો પૈસા નહીં આપીએ તો તે કેસ કરશે." કમળાએ તેમને સમજાવ્યું, "જુઓ દાદા, પૈસા ચૂકવવામાં હજુ એક અઠવાડિયું બાકી છે. તેણે આપણને એક મહિનાનો વાયદો આપ્યો છે." દાદા-દાદીને તરત જ વાત સમજાઈ ગઈ.

ત્રીજા દિવસે, પેલો માણસ ફરી પૈસા લેવા ઘરે આવ્યો. તેણે ગુસ્સામાં કહ્યું, "ચલો, મારા પૈસા આપો." કમળાએ હિંમતપૂર્વક કહ્યું, "જુઓ ભાઈ, તમને પૈસા આપવા માટે હજુ ચાર દિવસ બાકી છે. તમે આટલી જલદી પૈસા કેવી રીતે માંગી શકો ? જાઓ, પૈસા તમને તમારા કરાર મુજબ સમયસર જ મળશે, અત્યારે નહીં મળે." પેલા માણસને ખબર પડી ગઈ કે કમળા હોશિયાર છે અને કાયદેસર રીતે તે કંઈ કરી શકવાનો નથી. તેણે પોતાની ભૂલ સમજી અને ત્યાંથી જતો રહ્યો. આમ, કમળાએ માત્ર પોતાની ઈમાનદારી અને દયાથી જ નહીં, પરંતુ પોતાની સમજદારીથી પણ પરિવારને મુશ્કેલીમાંથી બચાવ્યો.

આમ, આ વાર્તા પરથી આપણને એ સુંદર બોધ મળે છે કે કોઈની પણ ગરીબીનો ફાયદો ઉઠાવવો જોઈએ નહીં. માનવીયતા અને દયાનો ભાવ હંમેશા રાખવો જોઈએ. ઈમાનદારી, મહેનત અને સ્વમાન એ જીવનના સાચા ઘરેણાં છે. દાદા-દાદીના સંસ્કાર અને શીખ બાળકોના જીવનને સાચી દિશા આપે છે. સમજદારી અને કાયદાનું જ્ઞાન મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ આપણને રસ્તો કાઢવામાં મદદરૂપ થાય છે.

અંજલિ દિનેશભાઈ ચૌધરી
ધોરણ : ૮ બ
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

